અપીલ અરજી નં.૨૬૭ તા.૧૬–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશચંદ્ર જે. ચોકસી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશચંદ્ર જે. ચોકસીની તા.૨૪–૯–૦૯ ની અરજીથી મોજે અડાજણ રેવન્યુ સર્વે નં.૨૯૬, ટી.પી. નંબર ૧૩ ફાયનલ પ્લોટ નં.૨૩૫ હિસ્સા નંબર ૨–અ, બ બ્લોક નં. ૨ જેનું ક્ષેત્રફળ ૧૪ **X** ૪૫ ફુટ છે યાને ૭૦ સમચોરસ વાર થાય છે. જેના પર બિનઅધિકૃત રીતે કોઈપણ જાતની પરવાનગી વગર બાંધકામ કરી દેવામાં આવેલ હતું. જે જમીન રીઝર્વેશનમાં આવેલી છે. વિગેરે મુદ્દા નં.૩ થી ૫ (૧) થી(૬) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૭/૨૦૦૯–૧૦

શ્રી નરેશચંદ્ર જે. ચોકસીની તા.૨૪–૯–૦૯ ની અરજીથી મોજે અડાજણ રેવન્યુ સર્વે નં.૨૯૬, ટી.પી. નંબર ૧૩ ફાયનલ પ્લોટ નં.૨૩૫ હિસ્સા નંબર ૨–અ, બ બ્લોક નં. ૨ જેનું ક્ષેત્રફળ ૧૪ × ૪૫ ફુટ છે યાને ૭૦ સમચોરસ વાર થાય છે. જેના પર બિનઅધિકૃત રીતે કોઈપણ જાતની પરવાનગી વગર બાંધકામ કરી દેવામાં આવેલ હતું. જે જમીન રીઝર્વેશનમાં આવેલી છે. વિગેરે મુદ્દા નં.૩ થી ૫ (૧ થી ૬) ની માહિતી આપવા બાબતે માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૮ તા.૨૧–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને તથા અરજદારને મળેલી માહિતીની નકલ રજૂ કરવા તથા કઈ બાબતે નારાજગી છે તે અંગે વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.ન.૪૭૮ તા.૨–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની તા.૨૪–૯–૦૯ ની મુળ અરજીની નકલ, અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૩૯૬ તા.૧૬–૧૦–૦૯, વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૦૪ તા.૨૧–૧૦–૦૯, વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૪૨૮ તા.૪–૧૧–૦૯ ના પત્રથી આપેલ માહિતીની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૫–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારે તા.૨–૧૨–૦૯ ના રોજ આપેલી નકલમાં નારાજગી અંગેની વિગતવાર અપીલ કર્યાનું જણાવેલ છે. પરંતુ કઈ માહિતી મળેલ છે તેના પ્રતની કોઈ નકલો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી સુરત ડ્રીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડ્રીસ્ટ્રીકટ શહેર સુરતના ગામ મોજે અડાજણ રેવન્યુ સર્વે નં.૨૯૬, ટી.પી. નંબર ૧૩ ફાયનલ પ્લોટ નં.૨૩૫ હિસ્સા નંબર ૨+અ+ બ બ્લોક નં. ૨ જેનું ક્ષેત્રફળ ૧૪ **X** ૪૫ ફુટ છે યાને ૭૦ સમચોરસ વાર થાય છે. જેના પ્લોટ નં.૧૦૦–બી, વૃદાંવન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટની સામે, સુરત આ પ્લોટની જમીન નામદાર સરકાર ધ્વારા રીઝર્વેશનમાં લેવામાં આવેલી છે અને એની સ્પષ્ટ નોંધ ગામ નમૂનો નં.૭ અને ૧૨ માં કરવામાં આવેલ છે. નાગરીક તરીકે જાહેર હેતુ માટે કોઈ રીઝર્વેશન હોય તો તેમાં કોઈ વાંધો કરવા ન જોઈએ એટલે કે પગલા લીધા ન હતાં પરંતુ તેનો અવેજ અમોને મળ્યો નથી. મુદ્દા નં.૩ હમારી જાણ મુજબ ૨૦૦૦ ની સાલ સુધી અમારા પ્લોટ ઉપર કોઈ બાંધકામ ન હતું જે અમો જાતે ધ્યાનથી દેખરેખ રાખી હતી. જેમાં અપીલ તબકકે આ અંગે કોઈ જવાબ નથી તેવું જણાવેલ છે. સદરહુ વિધાન હોઈ અરજદાર તેમાં માહિતી બાબતે ખુદ સ્પષ્ટ નથી. મુદ્દા નં.૪ વેસ્ટઝોનમાં તા.૧૭–૬–૦૪ ના રોજ વેરાબીલ મેળવવા માટે અરજી આપી હતી ત્યારે મૌખિક જણાવવામાં આવ્યું હતી કે કોઈ નોંધ લેવામાં આવી નથી અને કોઈ વેરાબીલ આપવામાં આવેલા નથી તેના પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં અપીલ તબકકે આ અંગે કોઈ જવાબ નથી તેવું જણાવેલ છે. સદરહુ વિધાન હોઈ અરજદાર તેમાં માહિતી બાબતે ખુદ સ્પષ્ટ નથી. મુદ્દા નં.૫ બિનઅધિકૃત રીતે કોઈપણ જાતની પરવાનગી વગર બાંધકામ કરી દેવામાં આવેલ હતું. તે સંદર્ભની માહિતી આપશો. જે જમીન રીઝર્વેશનમાં આવેલી છે. જેની માલિકી અમારી છે. આમ મુદ્દા નં.૫ ના પેટા મુદ્દા ૧ થી ૬ માં માહિતી માંગવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સ ેલ/આ.નં.૩૯૬ તા.૧૬–૧૦–૦૯ થી મુદ્દા નં.૫ ના પેટા મુદ્દા ૧,૩,૪,૫ તથા વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૪૦૪ તા.૨૧–૧૦–૦૯ તથા વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.ન.૪૨૮ તા.૪–૧૧–૦૯ થી મુદ્દા નં.૫ ના પેટા મુદ્દા નં.૨ ની અંશતઃ માહિતી અરજદારને આપવામાં આવેલ જણાય છે. (૧) સદર મિલ્કત પર કોની પરવાનગીથી અને કોની મંજુરીથી બાં ધકામ કરવામાં આવ્યું. તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના સંદર્ભે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં કોઈ પરવાનગી આપી હોવાનું ઉપલબ્ધ જણાતું નથી. તેવા પ્રશ્નમાં અરજદારે અપીલ તબકકે પરવાનગી વગર કઈ રીતે બાંધકામ થયું, અધિકારી વર્ગ ધ્યાન આપતો હતો કે કેમ?આકારણી દાખલ કરવાની હોય ત્યારે સ્થળ તપાસ કરી રીપોર્ટ આપવામાં આવેલ છે ,પ્લોટ નં .૧૦૦–એ,બી નામ પર દાખલ કરવા કયા પુરાવા રજૂ કર્યા અને કઈ તારીખે ટેક્ષ અંગેની પર્ટીકયુલર પ્લોટ અંગે નોટીસ આપવામાં આવી, કયા પુરાવા અધિકૃત અધિકારી પાસે એટેસ્ટેડ કરાવી વેરામાં દાખલ થવા રજૂ કર્યા ,નવી મિલ્કતના બાંધકામ અંગે મંજુર થયેલ પ્લાનની કોપી,બાંધકામની રજાચિઠ્ઠી, બાંધકામ પૂર્ણ કર્યાનું સર્ટીફીકેટ, વસવાટની પરવાનગી, ઈલેકટ્રીસીટી પુરાવા રજૂ કર્યા હોય તો તેની નકલ વિગેરે મુળ અરજીથી પૂરક પ્રશ્નો અપીલ તબકકે પૂછેલ છે .(૨) મ્યુ. ટેક્ષ (વેરાબીલ), ડ્રેનેજ લાઈન,પાણીની લાઈન અને ઈલેકટ્રીક સપ્લાય પણ આપવામાં આવ્યો છે આ કેવી રીતે અને કોના મેળાપીપણામાં બન્યું તે જણાવશો. તેવા પ્રશ્નના

પ્રત્યુત્તરમાં અરજદારે માંગેલ વેરાબીલ બાબતે આકારણી અને વેરા વસુલાત વિભાગ તરફથી પત્ર નં.૪૨૮ તા.૪–૧૧–૦૯ થી રે.સ. નં.૨૯૬ ટીપી નં.૧૩ પ્લોટ નં.૧૦૦–એ,બી વૃંદાવન સોસા.નો ટેના નં.૧૭બી–૦૮–૨૧૭૧–૦–૦૦૧ અને ૧૭બી–૦૮–૨૧૮૧–૦–૦૦૧ ની મિલ્કતની ૯૫–૯૬ ના અસેસેમેન્ટ રજીસ્ટર અનુસાર તા.૧–૪–૮૨ થી તા.૩૧–૩–૯૩ સુધી પીરીયોડીકલી ખુલ્લી જમીન અને તા.૧–૪–૯૩ થી વસવાટની આકારણી દાખલ છે જેના ઉપલબ્ધ થઈ શકેલ પુરાવાઓની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જયારે મ્યુ. પાણીની લાઈન આપવામાં આવી છે તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં વેસ્ટઝોન તરફથી પત્ર નં.૪૦૪ તા.૨૧–૧૦–૦૯ થી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સને ૧૯૯૭ ની સાલમાં નિતી નિયમ મુજબ ઝોનલ ઓફિસરશ્રીની મંજુરીથી પાણીની લાઈન (કનેકશન) આપવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે તા.૧૭–૬–૦૪ ના પત્ર બાબતે કોઈ જવાબ આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે મુળ અરજીથી અલાયદી છે. (૩) આ બિન અધિકૃત બાંધકામ વિશે કોર્પોરેશન સરકારી વિભાગને પહેલેથી ખબર હતી? તો આ બિન અધિકૃત બાંધકામ કેવી રીતે થયું અને કોના મેળાપીપણામાં થયું છે.તેવા પ્રશ્નના જવાબમાં આ બિનઅધિકૃત બાંધકામ વિશે ઉપલબ્ધ રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. તેવું જણાવવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે દબાણ ખાતા પાસેની માહિતીની માંગણી કેરલ છે જે મુળ અરજીથી માંગેલ માહિતીથી અલાયદી છે. (૪) આ બાંધકામ દુર કરવા કોઈ પગલા ભર્યા છે? હજુ સુધી કોઈ પગલા ભર્યા નથી તો કેમ? નથી ભર્યા તેની માહિતી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ પગલા ભર્યા હોવાનું રેકર્ડ ઉપર નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. તેવું જણાવવામાં આવેલ છે. જેમાં અરજદારે કોઈ જવાબ નથી કે કારણ આપ્યું નથી જેમાં જાહેર માહિતી અધિકારીએ પગલાં ભર્યા હોવાનું રેકર્ડ પર નથી તેવો જવાબ પાઠવેલ છે. (૫) આ બિન અધિકૃત બાંધકામ દુર કરવા સબંધિત બધા દસ્તાવેજો અને ફાઈલનું નિરીક્ષણ કરવા માંગુ છુ નિરીક્ષણ માટે આવી શકુ તે માટે દિવસ, સમય અને સ્થાન જણાવશો. તેમજ લેખિત પુરાવા આપો નિરીક્ષણમાં પહેલા કલાકમાં કોઈ પૈસા લાગતા નથી તેમ છતાં ઈચ્છતા હશો તો પૈસા ભરવા તૈયાર છીએ. તેવા પ્રશ્નના જવાબમાં આ બિન અધિકૃત બાંધકામ દુર કરવા સબંધિત ફાઈલ ઉપલબ્ધ રેકર્ડ ઉપર નથી. પરંતુ ટીપી નં.૧૩ (અડાજણ) નો ટીપી સ્કીમ ફાયનલ થઈ તે નકશો કચેરીના શહેર વિકાસ ખાતામાં સાંજે ૪ થી ૬ દરમ્યાન જોવા મળી શકશે. જેમાં અરજદારે યોગ્ય સમયે આવીશું તેવું જણાવેલ છે. પરંતુ ઈન્સ્પેકશન મેળવેલ હોય તેવી કોઈ વિગતો પૂરી પાડેલ નથી. (૬) આ બિન અધિકૃત બાંધકામમાં અમોને યોગ્ય ન્યાય અપાવો અને કબ્જો અપાવો. જેમાં અરજદારની રજૂઆત ફરીયાદ નિવારણ વિભાગને લગતી જણાય છે.

અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧૦ ના પેટા મુદ્દા ૧ થી ૮ માં ૧. વેરાબીલમાં નામ કયારે દાખલ કરવામાં આવ્યું ? ૨. પાર્ટીએ વેરો કઈ તારીખે ભર્યો.૩. તા.૦૮–૦૬–૦૪ ના રોજ સીધાવેરા વિભાગ વેસ્ટઝોનને પત્ર આપેલ તેનો જવાબ શા માટે આપવામાં આવ્યો નહીં? ૪. ડ્રેનેજ અને પાણી લાઈન કયા દસ્તાવેજોના આધારે આપવામાં આવ્યું? ૫. રહેઠાણ પરવાનગી કયા દસ્તાવેજના આધારે કરવામાં આવી? ૬. ગેરકાયદેસર રીતે બાંધકામને કઈ રીતે અધિકૃત કરવામાં આવ્યું. ૭. આ બિન અધિકૃત બાંધકામમાં અમોને ન્યાય અપાવો અને કબ્જો અપાવો.૮. બાંધકામની અને વસવાટની પરવાનગી કઈ તારીખે આપવામાં આવી તેવા પ્રશ્ન પુછવામાં આવેલ છે તે મુદ્દા નં.૬ સિવાયના અરજદારે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો પુછેલ છે તથા મુદ્દાનં.૬. નો પ્રશ્ન ફરીયાદ નિવારણને લગતો છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

અરજદારે મુળ અરજી,અપીલ અરજી તથા પૂરક વિગતોના પત્રો પર તેમણે જણાવેલ વિગત અનુસાર તેઓ એડવોકેટ હોવાનું દર્શાવેલ છે. અપીલીય કાર્યવાહી દરમ્યાન અપીલકર્તા ધ્વારા તેઓના કથનને આધાર કે પુરાવાથી સમર્થિત કરી પ્રસ્થાપિત કરવાનું રહે છે અને એડવોકેટ આ પ્રક્રિયાથી સુવિદિત હોવાનું અનુમાનિત પણ છે. તેમ છતાં અરજદાર પાસે આવી વિગતો માંગતા તેમણે તેમની તરફેણમાં રજૂ કરવાના બદલે તમોએ આપેલી માહિતીની નકલ તમારી પાસે હોવી જોઈએ તેવું જણાવેલ છે. અરજદાર સ્વયં તેમણે કરેલી મુળ અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને કરેલી અને તેઓ અપીલ ચીફ અપીલ અધિકારી અને મ્યુ. કમિશ્નરશ્રીને કરે છે. તે જોતાં બંને સત્તાધિકારી અલગ છે. તે સ્વયં સમજી શકાય તેવી બાબત છે.

અરજદારની અપીલ તબકકે ગેરકાયદેસર બાંધકામ બાબતે આરટીઆઈની અરજી પૂર્વે કોઈ ફરિયાદ કે રજૂઆત કર્યાનું પુરવાર કરી શકેલ નથી. કે એવી કોઈ વિગતો અત્રે રજૂ કરેલ નથી. આ સંજોગોમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી આપેલ મુદ્દા નં.૫ ની માહિતી દફતરી ઉપલબ્ધ હકીકત અનુસાર હોવાને માનવાને કારણ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને ટીપી સ્કીમના નકશાની તપાસણી કરવાની તક આપેલ છે. પાણી કનેકશન બાબતે જાહેર માહિતી અધિકારીએ કેવી રીતે મંજુરી આપી તેની વિગત આપેલ છે. તેથી તેમાં કોઈ તકરારને કોઈ સ્થાન નથી. પરંતુ ડ્રેનેજ લાઈન વિશે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ નથી. તથા ઈલેકટ્રીક સપ્લાય અંગેની માહિતી આપેલ નથી કે તેટલા પૂરતી અરજી તબદીલ કરેલ નથી. જયારે આકારણી સબંધિત નકલો સહિતની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જેથી તે બાબતે વિવાદને કોઈ સ્થાન નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ડ્રેનેજ લાઈન અંગે હકીકતલક્ષી માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા તથા ઈલેકટ્રીક સીટી સપ્લાય બાબતે કલમ–૬(૩) હેઠળ કાર્યવાહી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને જણાવવામાં આવે છે.

મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ મુદ્દાઓ બાબતે અરજદાર તપાસણી સહિતની માહિતી માટે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશચંદ્ર જે. ચોકસી